# ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી

# ૫૯મું રાજ્ય કલા પ્રદર્શન/સ્પર્ધા

## ૨૦૧૮-૨૦૧૯ માહિતી પત્રિકા

**પ્રારંભિક :**

ગુજરાતની કલાના જુદા જુદા વિભાગોમાં કાર્યશીલ કલાકારોને પ્રોત્સાહન મળે તથા તેમનો ઉત્સાહ વધે અને તેમની કૃતિઓની કદર થાય તેમજ આમ જનતાની પણ આ વિષય પ્રત્યે અભિરુચિ કેળવાય તેવા શુભ આશયથી આ કલા પ્રદર્શન યોજવામાં આવે છે. **પ્રદર્શનમાં કૃતિઓ મોકલવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી.**

પ્રદર્શન માટેની કલાકૃતિઓ ૦૨-૦૧-૨૦૧૯ થી ૦૭-૦૧-૨૦૧૯ દરમિયાન (રવિવાર સહિત) બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી, સચિવશ્રી, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, રવિશંકર રાવલ કલા ભવન, લૉ ગાર્ડન, ભાઈકાકા ભવન સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ ખાતે સ્વીકારવામાં આવશે. (ફોન નં. ૦૭૯-૨૬૪૨૫૫૬૨) આ તારીખ પહેલા તેમજ ત્યારબાદ આવેલ એન્ટ્રીઓ સ્વીકારવામાં આવશે નહીં.

સ્પર્ધા માટે આવેલી કલાકૃતિઓનું જજીંગ સંભવતઃ માર્ચ-૨૦૧૯ દરમિયાન કરવામાં આવશે. ત્યારબાદ પસંદગી ન પામેલ કલાકૃતિઓ સ્પર્ધકોને પરત કરવામાં આવશે. ઈનામ વિજેતા તથા પસંદગી પામેલ કલાકૃતિઓ પ્રદર્શન યોજ્યા બાદ પરત કરવામાં આવશે.

**પ્રદર્શનની શ્રેણીઓ, વિભાગ તથા ઈનામોની વિગત (ફક્ત ઇનામ વિજેતાઓને જ પ્રમાણપત્ર આપવામાં આવશે)**

**<u>શ્રેણી - ૧ કલાકાર</u>**

વિભાગ - ૧ ચિત્રકલા (ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ) : રૂા. ૧૦,૦૦૦/-નું એક એવા બે ઈનામ ઉપરાંત
સ્વ. શ્રી નાગજીભાઈ ચૌહાણ ઈનામ રૂા. ૨૦,૦૦૦/-
સ્વ. શ્રી સોમાલાલ શાહ ઈનામ રૂા. ૫,૦૦૦/-, સ્વ. શ્રી જગુભાઈ શાહ ઈનામ રૂા. ૫,૦૦૦/-,
સ્વ. શ્રી રસિકલાલ પરીખ ઈનામ રૂા. ૫,૦૦૦/-, સ્વ. શ્રી ખોડીદાસ પરમાર ઈનામ રૂા. ૫,૦૦૦/-,
સ્વ. શ્રીમતી વિદ્યાબેન રસિકલાલ પરીખ ઈનામ રૂા. ૫૦૦૦/- મહિલા કલાકારને જ.
સ્વ. શ્રી ઉર્મિબેન રસિકલાલ પરીખ ઈનામ રૂા. ૫૦૦૦/- સ્વ. શ્રી હીરાલાલ ખત્રી ઈનામ રૂા. ૫૦૦૦/-

વિભાગ - ૨ શિલ્પકલા રૂા. ૧૦,૦૦૦/-નું એક એવા બે ઈનામ, તથા રૂા. ૫,૦૦૦/-નું શિલ્પધારા ઈનામ

વિભાગ - ૩ ગ્રાફિકકલા રૂા.૧૦,૦૦૦/-નું એક એવા બે ઈનામ, તથા સ્વ. શ્રી યજ્ઞેશ્વર શુકલ ઈનામ રૂા. ૫,૦૦૦/-

વિભાગ - ૪ વ્યવહારિક કલા (એપ્લાઈડ આર્ટ, કાર્ટુન-કટાક્ષ ચિત્રો સહિત) રૂા. ૧૦,૦૦૦/-નું એક એવા બે ઈનામ

વિભાગ - ૫ ફોટોગ્રાફી રૂા. ૧૦,૦૦૦/-નું એક એવા બે ઇનામ
શ્રી સુરેન્દ્ર પટેલ ઈનામ રૂા. ૨૦૦૦/- (ક્રિએટીવ - એકસપેરીમેન્ટલ ફોટોગ્રાફી માટે )
તથા શ્રી સનત શોધન ઈનામ રૂા. ૫૦૦૦/- (વાઈલ્ડ લાઈફ/નેચરની ફોટોકૃતિ માટે)
તથા સ્વ. ટી. એસ. ગેટી ઈનામ રૂા. ૨૫૦૦/- નુ ફક્ત મહિલા ફોટોગ્રાફર માટે

**<u>શ્રેણી - ૨ કલા સંસ્થાના વિદ્યાર્થીઓ</u>**

વિભાગ - ૧ ચિત્રકલા (ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ) રૂા. ૩,૦૦૦/-નું એક એવા ત્રણ ઈનામ.
તથા સ્વ. શ્રી હિરાલાલ ખત્રી ઈનામ રૂા. ૩૦૦૦/- (કુલ ચાર ઈનામ)

વિભાગ - ૨ શિલ્પકલા રૂા. ૩,૦૦૦/-નું એક એવા ત્રણ ઈનામ

વિભાગ - ૩ ગ્રાફિકકલા રૂા. ૩,૦૦૦/-નું એક એવા ત્રણ ઈનામ.

વિભાગ - ૪ વ્યવહારિક કલા (એપ્લાઈડ આર્ટ) : રૂ. ૩૦૦૦/-નું એક એવા ત્રણ ઈનામ.

વિભાગ - ૫ ફોટોગ્રાફી : રૂા. ૩,૦૦૦/-નું એક એવા ત્રણ ઈનામ.

આ ઉપરાંત શ્રેણી-૨ના ઇનામ વિજેતાને માસિક રૂા. ૧,૦૦૦/- પ્રમાણે શિષ્યવૃત્તિના નિયમોનુસાર એક વર્ષ સુધી શિષ્યવૃત્તિ આપવામાં આવશે. પરંતુ તેઓનો કલા વિદ્યાલયમાં અભ્યાસ ચાલુ હોવો જોઇએ અને તે અભ્યાસ આગળના વર્ષનો ઉચ્ચ અભ્યાસ હોવો જોઇએ. ઇનામ વિજેતાએ ઇનામ મેળવ્યા પછીના વર્ષે તેમની કલા વિદ્યાલય મારફત અરજી કરવાની રહેશે, પેઇન્ટીંગ, શિલ્પ, વ્યવહારિક કલાના વિષયોમાં ડીગ્રી/ડીપ્લોમા/પોસ્ટ ડીપ્લોમાના અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ આપવામાં આવશે નહીં.

## શ્રેણી - ૩ શાળાના વિદ્યાર્થીઓ :

વિભાગ - ૧ ધોરણ ૧ થી ૫માં ભણતા વિદ્યાર્થીઓની કલાકૃતિ માટે. રૂ. ૫૦૦/-નું એક એવા કુલ ૨૫ ઇનામ.

વિભાગ - ૨ ધોરણ ૬ થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓની કલાકૃતિ માટે. રૂ. ૫૦૦/-નું એક એવા કુલ ૨૫ ઇનામ.

## નિયમો અને ધારા ધોરણો :

૧. બધી શ્રેણીના વિભાગો માટે અકાદમી નિયુક્ત નિર્ણાયક સમિતિ રહેશે. જે ઇનામો તથા પ્રદર્શિત (ડિસપ્લે) કરવા માટે કૃતિઓની પસંદગી કરશે. નિર્ણાયક સમિતિનો ચૂકાદો આખરી ગણાશે અને તે સામે કોઇપણ જાતનો વાંધો ઉઠાવી શકાશે નહિં.

૨. રાજ્ય કલા પ્રદર્શનમાં માત્ર ગુજરાતના મૂળ વતની તેમજ રહેવાસી કલાકારો/કલાના વિદ્યાર્થીઓ જ ભાગ લઇ શકશે.

૩. નિર્ણાયક સમિતિના સભ્યો પણ પોતાની કૃતિઓ પ્રદર્શિત કરી શકશે તથા વેચાણ માટે મોકલી શકશે પરંતુ તેમની કૃતિ હરીફાઇમાં ભાગ લેવા માટે સ્વીકારવામાં આવશે નહિ.

૪. કૃતિઓ રજૂ કરવાનો અર્થ એ ગણાશે કે અહીં આપેલા નિયમો અને ધારાધોરણ તથા હવે પછી નક્કી કરવામાં આવે તે બધાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

૫. નિયમોનું પાલન નહિ કરનાર કલાકારની કૃતિઓ અસ્વીકારને પાત્ર ઠરશે અને જો ઇનામ આપવામાં આવ્યા હશે તો તે પાછા ખેંચી લેવામાં આવશે.

૬. માટી, કાચ, પ્લાસ્ટર ઓફ પેરીસ વગેરે તુટે તેવા માધ્યમની શિલ્પ કૃતિઓ સ્વીકારવામાં આવશે નહિં.

૭. પ્રદર્શનમાં કલાકૃતિઓ મોકલવાની છેલ્લી તારીખ અગાઉ ફક્ત ત્રણ સાલ દરમિયાન તૈયાર કરાયેલી તેમજ કોઇપણ પ્રદર્શનમાં પ્રદર્શિત નહીં થયેલી કલાકૃતિઓ મોકલી શકાશે. પ્રદર્શિત કરનાર કલાકાર કે વ્યક્તિ જો આ નિયમ નહીં પાળે તો અકાદમીના ભવિષ્યના પ્રદર્શનમાં ભાગ લેવા માટે તે યોગ્ય ગણાશે નહીં.

૮. **એક કરતાં વધારે વિભાગમાં એક જ વ્યક્તિની કૃતિને હરીફાઇ માટે સ્વીકારવામાં આવશે પણ એક વ્યક્તિ કલાકાર તરીકે તથા કલાના વિદ્યાર્થી તરીકે બેઉ શ્રેણીમાં પોતાની કૃતિ રજૂ કરી શકશે નહિં. આ નિયમોનો ભંગ કરવાથી પ્રદર્શનની બધી જ કૃતિઓ અસ્વીકારને પાત્ર થશે અને ઇનામો ખરેખર અપાયાં હશે તો તે પણ પાછા ખેંચી લેવામાં આવશે.**

૯. **પ્રદર્શનમાં ભાગ લેનાર શ્રેણી ૧ તથા શ્રેણી ૨ના જે કલાકારને જે વર્ષે ઇનામ મળ્યું હશે ત્યાર પછીના બે વર્ષ સુધી તેમની કૃતિ હરીફાઇ માટે સ્વીકારવામાં આવશે નહીં.**

૧૦. પ્રદર્શનમાં કલાકૃતિઓ મોકલવાની છેલ્લી તારીખે જે બાળકે છ વર્ષ પૂરા કર્યા ન હોય તેમની કલાકૃતિ સ્વીકારવામાં આવશે નહિ. શાળાઓએ એક બાળકની એક કરતા વધુ કૃતિઓ મોકલવી નહિ.

૧૧. કલાકૃતિના પ્રકાર, માધ્યમ અને કૃતિઓની સંખ્યા

૧૨. શ્રેણી (૧) અથવા (૨) માં દર્શાવેલા કલાકારો અને કલાના વિદ્યાર્થીઓની બાબતમાં નીચે જણાવેલા વિભાગોમાં પ્રદર્શક વધુમાં વધુ બે કલાકૃતિઓ રજૂ કરી શકશે.

| **ક્રમ** | **વિભાગ** | **માપ-ઓછામાં ઓછું** | **વધુમાં વધુ** |
|---|---|---|---|
| ૧. | ચિત્રકલા (ડ્રોઇંગ એન્ડ પેઇન્ટીંગ) | ૧૫'' x ૧૨'' | ૪૮'' x ૩૬'' |
| ૨. | શિલ્પકલા | ઉંચાઇ ૧૨'' પહોળાઇ ૯'' | ઉંચાઇ ૪૮'' પહોળાઇ ૩૬'' |
| ૩. | ગ્રાફિક કલા | ૧૫'' x ૧૨'' | ૪૮'' x ૩૬'' |
| ૪. | વ્યવહારિક કલા (એપ્લાઇડ આર્ટ) | ૧૫'' x ૧૨'' | ૩૦'' x ૨૦'' |
| ૫. | ફોટોગ્રાફી | ૧૨'' x ૯'' | ૪૮'' x ૩૬'' |

ફોટોગ્રાફીની કલાકૃતિ માટે નક્કી કરેલું નાનામાં નાનું માપ ૯'' X ૧૨'' છે. આ માપથી નાનો ફોટોગ્રાફ સ્વીકારવામાં આવશે નહિ. તેના માઉન્ટનું માપ ૨૦'' X ૧૬'' નું હોવું જોઇએ. માઉન્ટનો રંગ ક્રીમ અથવા સફેદ હોવો જોઇએ. આ વિભાગમાં રંગીન ફોટોગ્રાફીની કૃતિઓ પણ સ્વીકારવામાં આવશે. પ્રદર્શન માટે ફોટોગ્રાફીની કૃતિઓ પોસ્ટ કે આંગડીયા દ્વારા પોતાના ખર્ચે અને જોખમે યોગ્ય રીતે પેકિંગ કરીને નિયત સમય દરમ્યાન પ્રદર્શન માટે મોકલવામાં આવશે તો તે પણ સ્વીકારવામાં આવશે. પોસ્ટ કે આંગડીયા દ્વારા ફોટોગ્રાફને નુકશાન થાય અથવા ગેરવલ્લે જાય અથવા મોડા પહોંચે તે માટે અકાદમી જવાબદાર રહેશે નહીં.

## પ્રમાણપત્રો :

૧૩. શ્રેણી (૧) હેઠળની બધી જ કૃતિઓ પ્રદર્શકોએ વૈયક્તિક રીતે રજૂ કરવાની છે. શ્રેણી (૨) અને (૩) માટેના પ્રવેશપત્રો પોતાની સંસ્થાઓના વડા મારફત રજૂ કરવાં જરૂરી છે. કલાકારોની શ્રેણી (૧) તથા શ્રેણી (૨) માં ગુજરાતના વતની કલાકારો જ ભાગ લઇ શકશે. **આ અંગે પુરાવા તરીકે ચુંટણી કાર્ડ અથવા આધાર કાર્ડ જેવી વિગતો અરજીપત્રક સાથે જોડવાની રહેશે. (ઝેરોક્ષ નકલ)**

૧૪. પ્રદર્શકની કલાકૃતિ મૌલિક છે અને નકલ કે અનુકરણ નથી એ બાબતનું પરિશિષ્ટ મુજબ પ્રમાણપત્ર આપવાનું રહેશે. જો આ જાતનું પ્રમાણપત્ર આપવામાં આવેલું નહિ હોય તો કલાકૃતિ રજૂ કરવાને પાત્ર ગણાશે નહિં. શ્રેણી ૧માં કલાકારે અને શ્રેણી ૨ તથા ૩માં સંસ્થાના આચાર્યએ પ્રમાણપત્ર આપવાનું રહેશે. પ્રમાણપત્ર આપ્યા સિવાય કે અધૂરી વિગતોવાળી કલાકૃતિ પ્રદર્શનમાં રજૂ કરવાને પાત્ર ગણાશે નહિં.

## પરિશિષ્ટ :

૧૫. **શ્રેણી (૧) અને (૨) માટે તેમજ (૩) માં બે વિભાગો માટે ધોરણ ૧ થી ૫ તથા ૬ થી ૧૦ માટે અલગ અલગ ફોર્મ ભરવા.**

૧૬. કૃતિ અને પરિશિષ્ટ સામેલ રાખવામાં નહિ આવેલું હોય તો તેનો સ્વીકાર કરવામાં આવશે નહિં. પરિશિષ્ટની હકીકત, લેબલ, ઉપર જણાવેલી હકીકત સાથે મળતી આવવી જોઇએ. જો લેબલ ઉપર જણાવેલી વિગતોનો પરિશિષ્ટમાં જણાવેલી વિગતો સાથે મેળ પડતો નહિ હોય તો પરિશિષ્ટની વિગતોને છેવટની ગણી લેવામાં આવશે. દરેક વિભાગ માટે અલગ અલગ પરિશિષ્ટ ભરવું જરૂરી છે.

## શાળાના વિદ્યાર્થીઓની શ્રેણી :

૧૭. વિજ્ઞાપનમાં જણાવેલી જરૂરી શરતો અનુસાર, શ્રેણી ૩ના મથાળા હેઠળ ધોરણ ૧ થી ૧૦ સુધીના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓની કલાકૃતિઓ સ્વીકારવામાં આવશે. ભાગ લેનાર વિદ્યાર્થીની ઉંમર પ્રદર્શનમાં કલાકૃતિઓ મોકલવાની છેલ્લી તારીખે છ વર્ષ ઉપરની હોવી જરૂરી છે.

આ શ્રેણીમાં એક સંસ્થાના તેના વિદ્યાર્થીઓની ૫૦૦ સુધીની સંખ્યા માટે છ ચિત્ર, ૫૦૦ થી વધારે હોય તો આઠ ચિત્રો અને ૧,૦૦૦ કરતાં વધુ હોય તો વધુમાં વધુ ૧૪ ચિત્રો આપી શકાશે. એક વિદ્યાર્થીની એક જ કૃતિ રજૂ કરવી. શાળાએ એક વિભાગ માટે એક જ ફોર્મ ભરવું. **કોઇપણ શાળાએ વિભાગ દીઠ એક કરતાં વધુ ફોર્મ રજૂ કરવા નહિ.**

દરેક માઉન્ટમાં એક કરતાં વધુ કૃતિઓનો સમાવેશ થવો જોઇએ નહિ. શ્રેણી ૩માં વિભાગ એક તથા બે માટે સંસ્થાએ અલગ અલગ પરિશિષ્ઠ ભરવા પડશે અને માઉન્ટ પણ અલગ અલગ મોકલવાના રહેશે. આ શ્રેણી હેઠળ રજૂ કરવામાં આવેલ માઉન્ટનું માપ ૧૬'' X ૨૦'' તથા ચિત્ર ૧૧'' X ૧૫'' ના માપનું હોવું જોઇએ. માઉન્ટ સફેદ હોવો જોઇએ. ૧૬'' X ૨૦'' થી મોટી કૃતિઓ સ્વીકારવામાં આવશે નહિં. **કલાકૃતિની પાછળ શાળાના આચાર્યના સહી, સિક્કા હોવા જરૂરી છે.**

## ફ્રેમો અને લેબલ :

૧૮. શ્રેણી (૧) અને (૨) ની બાબતમાં ચિત્રો યોગ્ય રીતે ફ્રેમ કરેલા હોવા જોઇએ.

શ્રેણી (૧) અને (૨) ની બાબતમાં પ્રદર્શનમાં રજુ કરનારની સહી સાથે દરેક લેબલ ઉપર ટાઇપ કરીને અથવા સુવાચ્ય મોટા અક્ષરમાં ગુજરાતી ભાષામાં વિગતો જણાવવી. આ માટેના લેબલ આ વિજ્ઞાપનપત્રમાં છેલ્લા પાના ઉપર આપવામાં આવ્યાં છે.

## કૃતિઓ પેક કરવા અને મોકલવા બાબત :

૧૯. ખોખાનાં ઢાંકણા ખીલીઓ વડે નહિ પણ સ્ક્રૂ વડે સજ્જડ કરવાં, દરેક ઢાંકણા નીચેની (અંદરની) બાજુએ એક લેબલ રહેવું જોઇએ. જેમાં શ્રેણી (૧) ને (૨) ની બાબતમાં પ્રદર્શકનાં નામ અને સરનામા અને ખોખામાં સમાવિષ્ટ વસ્તુને લગતી જરૂરી વિગતો પણ આપેલી હોવી જોઇએ. આપેલી વિગતો અને પરિશિષ્ટમાં જણાવેલી વિગતો એક સરખી હોવી જોઇએ.

૨૦. પ્રદર્શન માટે મોકલેલા બધા જ પાર્સલ પર ''હોમ સ્પોટ ડિલીવરી'' એમ લખવું અને તે પર નીચે પ્રમાણે સરનામું કરવું. કોઇપણ સંજોગોમાં રેલ્વે કે અન્ય સ્થળોએથી પાર્સલ વગેરે મેળવવાની વ્યવસ્થા અકાદમી તરફથી કરવામાં આવશે નહિં.

**સચિવશ્રી, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, રવિશંકર રાવલ કલા ભવન, લો ગાર્ડન, ભાઇકાકા ભવન સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.**

૨૧. પાર્સલની વસ્તુઓ અમદાવાદ ખાતે ભરાનાર ગુજરાત રાજ્યના પ્રદર્શનમાં મૂકવાની છે એમ લખાયેલું હોવું જોઇએ.

૨૨. પ્રદર્શકોએ કૃતિઓ પોતાના ખર્ચે પોતે અથવા તેમના અધિકૃત પ્રતિનિધિ દ્વારા નિયત તારીખ સુધીમાં મોકલવાની તેમજ પરત મંગાવી લેવાની રહેશે. આ તારીખો સિવાય કોઇપણ કૃતિ સ્વીકારાશે નહિ. તેમજ પરત કરાશે નહીં.

૨૩. **જે કૃતિઓ મોકલવામાં આવી હશે તેની સત્તાવાળાઓ શક્ય તેટલી કાળજી રાખશે. પરંતુ કોઇ સંજોગોમાં કોઇ કૃતિ ગુમ થશે કે તેને નુકશાન થશે તો તેને માટે સત્તાવાળા જવાબદાર રહેશે નહીં. પ્રદર્શકો ચાહે તો વીમો ઉતરાવીને પોતાની કૃતિઓનું રક્ષણ કરી શકે છે.**

## કૃતિઓનું પ્રદર્શન :

૨૪. પ્રદર્શન માટે સ્વીકારાયેલી કોઇપણ કૃતિ પ્રદર્શન હેતુ જેવાં કે પ્રસિદ્ધિ સૂચિપત્ર તૈયાર કરવું પ્રદર્શન આલ્બમ બહાર પાડવું વગેરે માટે પ્રગટ કરવાનો હક્ક, સત્તાવાળાઓ પોતાને આધીન રાખે છે. જેની પાસે કોપીરાઇટ હોય તો તેની અગાઉથી મંજુરી મેળવવાની જવાબદારી પ્રદર્શકની રહેશે.

૨૫. ગુજરાતના કોઇપણ એક જ સ્થળેથી જો કોઇ કલા સંસ્થા અથવા તો પ્રદર્શકો સમૂહમાં પ્રદર્શનમાં ભાગ લેવા માટે ઓછામાં ઓછી ૨૦ કે તેથી વધુ કૃતિઓ એકઠી કરી એક સાથે મોકલવાની વ્યવસ્થા કરશે તો અકાદમી વધુમાં વધુ અડધો અડધ ખર્ચ આપવાનું વિચારશે. પરંતુ આ માટે અકાદમીની મંજૂરી પહેલેથી મેળવવાની રહેશે. પુર્વ મંજૂરી સિવાય ખર્ચ ચૂકવાશે નહીં.

૨૬. પ્રદર્શન પુરું થયા પછી પંદર દિવસમાં (આ સમય દરમિયાન પણ કૃતિઓ પ્રદર્શકના જોખમે જ રાખવામાં આવશે.) પ્રદર્શકોએ બધી જ કૃતિઓ પોતાના ખર્ચે પાછી મેળવી લેવાની વ્યવસ્થા કરવી પડશે તેમ કરવામાં નહિ આવે તો કૃતિઓ ખોવાશે કે નુકશાન થશે તો તેને માટે સત્તાવાળા જવાબદાર ગણાશે નહિં. પાછી નહિ લઇ જવામાં આવેલી કૃતિઓનો નિકાલ સચિવ, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીને યોગ્ય લાગે તે પ્રમાણે કરશે અને તે માટે પાછળથી ફરિયાદ સ્વીકારવામાં આવશે નહિ. પ્રદર્શન માટે બધી જ ના પસંદ કરાયેલી કૃતિઓ પ્રદર્શન દરમ્યાન પરત કરાશે.

૨૭. પ્રદર્શકે રજૂ કરેલી કૃતિઓમાંથી એક પણ કૃતિ કોઇપણ સંજોગોમાં પ્રદર્શન સમાપ્ત થતાં પહેલા ખસેડી શકાશે નહિ.

૨૮. ગુજરાતના કલાકારોની પેઈન્ટીંગ ગ્રાફિક, શિલ્પ તથા ફોટોગ્રાફીની રાજ્ય બહાર પ્રદર્શન યોજવા પ્રદર્શનમાંથી કલાકૃતિઓ નિર્ણાયક સમિતિ દ્વારા પસંદ કરવામાં આવશે તે કલાકૃતિઓ રાજ્ય કલા પ્રદર્શન આયોજન બાદ આયોજકો પાસે રહેશે. રાજ્ય બહાર પ્રદર્શન યોજાયા બાદ કલાકૃતિ પરત કરાશે.

**આ ફોર્મની વધુ જરૂરીયાત હોય તો ઝેરોક્ષ કરાવી ઉપયોગ કરી શકાશે. તથા**
**www.sycd.gujarat.gov.in ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.**

---

બુક-પોસ્ટ

પ્રતિ,
શ્રી ____________________

____________________

____________________

____________________

રવાના :

**ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી**

રવિશંકર રાવલ કલા ભવન,લૉ ગાર્ડન,

ભાઈકાકા ભવન સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન નં. ૦૭૯-૨૬૪૨૫૫૬૨

# ૫૯મું રાજ્ય કલા પ્રદર્શન પરિશિષ્ટ

(૨૦૧૮-૨૦૧૯)

સ્પર્ધકનો
પાસપોર્ટ
સાઈઝનો ફોટો

| | | |
|---|---|---|
| ૧ કલાકાર | ચિત્રકલા | |
| | શિલ્પકલા | |
| ૨ કલાના વિદ્યાર્થી | ગ્રાફિકકલા | |
| | વ્યવહારિક કલા | |
| | ફોટોગ્રાફી | |

લાગુ પડે ત્યાં ✓ નિશાની કરવી

વિગતો ગુજરાતીમાં સુવાચ્ય લખવી.

કલાકારનું નામ (અટકથી શરૂ કરવું)

**NAME IN CAPITAL LETTERS**

જન્મતારીખ : ટેલીફોન નંબર : (મો)

કલાકારનું હાલનું પૂરેપૂરું સરનામું :

| ક્રમાંક | કૃતિનું નામ | માધ્યમ | વેચાણ માટે હોય, તો તેની કિંમત | હરિફાઈ માટે છે કે નહિં |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |

---

# ૫૯ મું રાજ્ય કલા પ્રદર્શન પરિશિષ્ટ

(૨૦૧૮-૨૦૧૯)

(પ્રદર્શન અધિકારીએ ભરવું.)

| | | |
|---|---|---|
| ૧ કલાકાર | ચિત્રકલા | |
| | શિલ્પકલા | |
| ૨ કલાના વિદ્યાર્થી | ગ્રાફિકકલા | |
| | વ્યવહારિક કલા | |
| | ફોટોગ્રાફી | |

લાગુ પડે ત્યાં ✓ નિશાની કરવી

શ્રી ........................................................ પાસેથી ચિત્રકલા, શિલ્પકલા, ગ્રાફિકકલા, એપ્લાઈડ આર્ટ, ફોટોગ્રાફની કુલ .............. કૃતિઓ અમદાવાદ ખાતે ભરાનારા ૫૯માં રાજ્ય કલા પ્રદર્શન માટે મળી છે.

તા. / /૨૦૧૯ સચિવ, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી વતી,

**પ્રદર્શક અથવા તેમના પ્રતિનિધિએ કૃતિઓ પાછી મેળવતી વખતે આ પહોંચ રજૂ કરવી પડશે.**

પ્રદર્શક અથવા તેમના પ્રતિનિધિએ પ્રદર્શન પૂરું થયા પછી ત્રીસ દિવસ સુધીમાં પોતાની કૃતિઓ પરત મેળવી લેવાની વ્યવસ્થા કરવી પડશે. આ તારીખો દરમિયાન કે પહેલાં કે પછી પણ કૃતિઓ ખોવાશે યા તેને નુકશાન થશે તો તેને માટે વ્યવસ્થાપકો જવાબદાર ગણાશે નહિ.

**આ સાથે પુરાવા તરીકે આધાર કાર્ડ / ચૂંટણી કાર્ડ (ઝેરોક્ષ કોપી) સામેલ કરેલ છે.**

## અગત્યની સૂચના

આથી હું જાહેર કરું છું કે સમાન્ય રીતે હું ગુજરાતનો રહેવાસી / મૂળ વતની છું.
આથી હું જાહેર કરું છું કે મેં રજૂ કરેલી કૃતિઓ કોઈની નકલ યા અનુકરણ નથી.
આથી હું જાહેર કરું છું કે મેં રજૂ કરેલી કૃતિઓ પ્રદર્શનમાં કલાકૃતિઓ મોકલવાની છેલ્લી તારીખ અગાઉ ફક્ત ત્રણ સાલમાં જ તૈયાર કરેલી છે. અને અગાઉના કોઈપણ પ્રદર્શનમાં તે પ્રદર્શિત થયેલ નથી.
રાજ્ય કલા પ્રદર્શનના નિયમો અને ધારા ધોરણ તથા હવે પછી નક્કી કરવામાં આવે તે બધા નિયમો મને માન્ય છે.

**કલાકાર યા પ્રદર્શકની સહી**

---

**શ્રેણી - ૨ હેઠળના ફાઇન આર્ટ કોલેજના વિદ્યાર્થીઓની બાબતમાં સંસ્થાના વડાએ ભરવું.**

આથી હું જાહેર કરું છું કે પાછળ પરિશિષ્ટમાં દર્શાવેલ કૃતિના કલાકાર વિદ્યાર્થી મારી સંસ્થામાં ચિત્રકલા / શિલ્પકલા / એપ્લાઇડ આર્ટ / એટીડીના__________________ વર્ષમાં અભ્યાસ કરે છે.

આથી હું જાહેર કરું છું કે શ્રી .................................................. સામાન્ય રીતે ગુજરાતના મૂળ રહેવાસી / વતની છે. મારી સર્વોત્તમ જાણ પ્રમાણે આ સાથે રજૂ કરાયેલ કૃતિઓ તેમની મૌલિક કૃતિઓ છે અને તે નકલ કે અનુકરણ નથી.

કલા સંસ્થાનું નામ સરનામું :

સ્થળ

તારીખ

કલા સંસ્થાના વડાની સહી અને સિક્કો

---

પ૯માં રાજ્ય કલા પ્રદર્શનમાં રજૂ કરેલી પાછળના પાને જણાવેલી કુલ............... કૃતિઓ, સચિવશ્રી, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી પાસેથી આજરોજ પરત મળેલી છે.

તારીખ :

પ્રદર્શક અથવા તેમના
સત્તાવાર પ્રતિનિધિની સહી

## ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી યોજિત
## ૫૯મું રાજ્ય કલા પ્રદર્શન
**(૨૦૧૮-૨૦૧૯)**

| | |
|---|---|
| ૧ કલાકાર | ચિત્રકલા |
| | શિલ્પકલા |
| ૨ કલાના વિદ્યાર્થી | ગ્રાફિકકલા |
| | વ્યવહારિક કલા |
| | ફોટોગ્રાફી |
| લાગુ પડે ત્યાં ✓ નિશાની કરવી | |

કલાકારનું પૂરેપૂરું નામ (અટકથી શરૂ કરવું) :

..........................................................................................

ફોન નંબર : ................................................ મો. ................................................

હાલનું સરનામું : ..........................................................................................

..........................................................................................

કલાના વિદ્યાર્થીની ફાઇન આર્ટ કોલેજનું નામ : ................................................

શ્રેણી .................... વિભાગ .................... માધ્યમ .................... કિંમત ....................

પરિશિષ્ટમાં કૃતિનો ક્રમાંક અને નામ ................................................

હરિફાઇ માટે છે કે નહીં : ................................................

પ્રદર્શકની સહી

---


## ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી યોજિત
## ૫૯મું રાજ્ય કલા પ્રદર્શન
**(૨૦૧૮-૨૦૧૯)**

| | |
|---|---|
| ૧ કલાકાર | ચિત્રકલા |
| | શિલ્પકલા |
| ૨ કલાના વિદ્યાર્થી | ગ્રાફિકકલા |
| | વ્યવહારિક કલા |
| | ફોટોગ્રાફી |
| લાગુ પડે ત્યાં ✓ નિશાની કરવી | |

કલાકારનું પૂરેપૂરું નામ (અટકથી શરૂ કરવું) :

..........................................................................................

ફોન નંબર : ................................................ મો. ................................................

હાલનું સરનામું : ..........................................................................................

..........................................................................................

કલાના વિદ્યાર્થીની ફાઇન આર્ટ કોલેજનું નામ : ................................................

શ્રેણી .................... વિભાગ .................... માધ્યમ .................... કિંમત ....................

પરિશિષ્ટમાં કૃતિનો ક્રમાંક અને નામ ................................................

હરિફાઇ માટે છે કે નહીં : ................................................

પ્રદર્શકની સહી

# ૫૯ મું રાજ્ય કલા પ્રદર્શન  પરિશિષ્ઠ

(૨૦૧૮-૨૦૧૯)

| ૩/૧ | ૩/૨ |
|---|---|
| ધોરણ - ૧ થી ૫ | ધોરણ - ૬ થી ૧૦ |
| લાગુ પડે ત્યાં ✓ નિશાની કરવી | |

શાળાના વિદ્યાર્થીઓની કલાકૃત્તિઓ (ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ)
વિગતો ગુજરાતીમાં સુવાચ્ય લખવી.

શાળાનું નામ :
(પૂરેપૂરા સરનામા સાથે)
ફોન નંબર

**(ધોરણ ૧ થી ૫ શ્રેણી ૩/૧, અને ૬ થી ૧૦ શ્રેણી ૩/૨) માટે અલગ ફોર્મ ભરવા તથા માઉન્ટ મોકલવા**

શાળાએ એક બાળકની એક કરતાં વધુ કૃતિ રજૂ કરવી નહીં. શાળાએ વિભાગ દીઠ એક કરતાં વધુ ફોર્મ રજૂ કરવાં નહી.

શાળાઓએ ચિત્રના માઉન્ટ પાછળ વિદ્યાર્થીનું નામ, કૃતિનું નામ, ધોરણ, સ્કૂલનું તથા વિદ્યાર્થીનું ઘરનું પૂરેપૂરું સરનામું, રાજ્ય કલા પ્રદર્શનનો નંબર લખવો. (ઘરના ફોન નંબર સહિત)

| માઉન્ટ<br>૧ | વિદ્યાર્થીનું પૂરેપૂરું નામ (મોટા સુવાચ્ય અક્ષરોમાં અટક પહેલા લખવી.)<br>૨ | ૧-૧-૨૦૧૮ના રોજ પૂરી કરેલી ઉંમર<br>૩ | તાલીમનું ધોરણ અથવા વર્ગ<br>૪ | કૃતિનું નામ<br>૫ | વેચાણ માટે હોય તો તેની કિંમત<br>૬ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

# ૫૯મું રાજ્ય કલા પ્રદર્શન

(૨૦૧૮-૨૦૧૯)

| ૩/૧ | ૩/૨ |
|---|---|
| ધોરણ - ૧ થી ૫ | ધોરણ - ૬ થી ૧૦ |
| લાગુ પડે ત્યાં ✓ નિશાની કરવી | |

............................................... પાસેથી (સંસ્થાનું નામ) ચિત્રકલાના ............ કુલ માઉન્ટ, અમદાવાદ ખાતે ભરાનારા ૫૯માં રાજ્ય કલા પ્રદર્શન માટે મળ્યા છે.

તા.    /    /૨૦૧૯

સચિવ, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી વતી,

**પ્રદર્શક અથવા તેમના પ્રતિનિધિએ કૃતિઓ પાછી મેળવતી વખતે આ પહોંચ રજૂ કરવી પડશે. પહોંચ આવશ્યક છે.**

# <u>અગત્યની સૂચના</u>

દરેક માઉન્ટમાં એક કરતાં વધુ કૃતિ ન હોવી જોઇએ. આ પરિશિષ્ટમાં જેનું નામ દાખલ કરવામાં આવ્યું છે એવા દરેક વિદ્યાર્થીઓએ વિજ્ઞાપનપત્રના નિયમ ૧૬ માં જણાવ્યા મુજબ પ્રદર્શનમાં કલાકૃતિઓ મોકલવાની છેલ્લી તારીખે છ વર્ષ પૂરાં કરેલાં હોવા જોઇએ. બંને વિભાગો માટે જો એક પરિશિષ્ટ (ફોર્મ) ઉપયોગ કરવામાં આવશે તો તે અસ્વીકારને પાત્ર થશે. શાળાએ એક વિભાગ માટે એક જ ફોર્મ રજૂ કરવું વિભાગ દીઠ એક કરતાં વધુ ફોર્મ અસ્વીકારને પાત્ર ઠરશે. <u>એક વિદ્યાર્થીની એક જ કૃતિ રજૂ કરવી. કૃતિ પાછળ વિદ્યાર્થીનું ઘરનું સરનામું, ઘરના ફોન નંબર હોય તો લખવા તથા રાજ્ય કલા પ્રદર્શનનો નંબર લખવો.</u>

(૧) આથી હું પ્રમાણપત્ર આપું છું કે મારી સંસ્થામાં હાજરી પત્રક પ્રમાણે ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦૦ સુધી. ૫૦૦ ઉપર ૧૦૦૦ ઉપર છે. * જે આ સાથે ૬ માઉન્ટ / ૮ માઉન્ટ / ૧૪ માઉન્ટ રજૂ કર્યા છે. જે વિજ્ઞાપન પત્રના નિયમોનુસાર છે.
* (લાગુ ન પડતો ભાગ છેકી નાખવો.)

(૨) વિજ્ઞાપનપત્રમાં જણાવેલા નિયમો મેં વાંચ્યા છે અને તે સ્વીકારવા હું કબૂલ થાઉં છું.

(૩) આથી હું જાહેર કરું છું કે આ પરિશિષ્ટમાં જે વિદ્યાર્થીઓની કલાકૃતિઓ નોંધાયેલી છે તેમાંના બધા જ સામાન્ય રીતે ગુજરાતના રહેવાસી છે.

(૪) આથી હું જાહેર કરું છું કે આ સાથે રજૂ કરાયેલી કૃતિ વિદ્યાર્થીની મૌલિક કૃતિ છે અને તે નકલ અથવા અનુકરણ નથી.

(૫) આથી હું જાહેર કરું છું કે મારી સર્વોત્તમ જાણ પ્રમાણે આ સાથે રજૂ કરવામાં આવતી કૃતિઓમાંથી એકપણ કૃતિને અગાઉ કોઇ કલા પ્રદર્શનમાં ઇનામ મળેલું નથી.

(૬) શાળાએ વિભાગ દીઠ એક જ ફોર્મ રજૂ કરવું.

સંસ્થાના વડાની સહી અને સિક્કો

---

**શ્રેણી - ૩ શાળાના વિદ્યાર્થીઓ**

૫૯મા રાજ્ય કલા પ્રદર્શન માટે મોકલેલા પાછળ જણાવેલ કુલ ........................ માઉન્ટ, સચિવશ્રી, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી પાસેથી આજરોજ પરત મળ્યા છે.

તારીખ :

સંસ્થાના વડાની સહી
અને સિક્કો